श्रीउपमन्युमुनिविरचित **श्रीउपमन्युस्तोत्र, (जय-शंकरस्तोत्र,)** श्रीपुष्पदंतगंधर्वराजविरचित **श्रीशिव-महिम्नस्तोत्र** तथा श्रीशंकराचार्यजीविरचित

प्रातःस्मरणस्तोत्र ने परापूजास्तोत्र ॥

શ્રીનાથશર્મપ્રણીત ભાવાર્થદીપિકાટીકાસહિત

સૌ૦ શાંતાના સ્મરણાર્થે પોતાના જ્ઞાતિબંધુઓને તથા અન્ય જીજ્ઞાસુઓને વિનામૂલ્યે આપવામાટે પ્રકટ કરનાર

શંકરલાલ બાપાલાલ મહેતા

ખાડીઆ, શ્રીરામજીની શેરી, અમદાવાદ.

૧૯૮૭ શક ૧૮૫૩ સને ૧૯૩૧ પ્રતિ ૧૧૦૦

આદિત્ય મુદ્રણાલય : રાયખડરોડ : અમદાવાદ.

મુદ્રક : ગજાનન વિ. પાઠક

॥ श्रीउपमन्युस्तोत्र, (जय शंकरस्तोत्र–शिवस्तोत्र,) श्री-
शिवमाहिम्नस्तोत्र, प्रातःस्मरणस्तोत्र तथा परापूजास्तोत्र ॥

ભાવાર્થદીપિકાટીકાસહિત

श्रीउपमन्युस्तोत्र (जय शंकरस्तोत्र)

जय शंकर पार्वतीपते मृड शंभो शशिखंडमंडन ।
मदनांतक भक्तवत्सल प्रियकैलास दयासुधांबुधे ॥ १ ॥

હે શંકર! હે પાર્વતીના પતે! હે સુખસ્વરૂપ! હે શંભો! હે બાલચંદ્રના આભૂષણવાળા! હે કામદેવને હણનારા! હે ભક્તવત્સલ! હે પ્રિયકૈલાસ! (કૈલાસપર્વત જેમને પ્રિય છે એવા!) હે દયારૂપી અમૃતના સાગર! આપનો જય થાઓ. ૧

सदुपायकथास्वपंडितो हृदये दुःखशरेण खंडितः ।
शशिखंडशिखंडमंडनं शरणं यामि शरण्यमीश्वरम् ॥ २ ॥

સારાં સાધનોની વાતોમાં અજ્ઞાત અને અંતઃકરણમાં દુઃખરૂપ બાણથી ઘવાયેલો હું બીજના ચંદ્રના તથા મયૂરપિચ્છના આભૂષણવાળા અને શરણે જવાને યોગ્ય જગતના નિયંતા શ્રીશંકરને

महतः परितः प्रसर्पतस्तमसो दर्शनभेदिनो भिदे ।
दिवनाथ इव स्वतेजसा हृदयव्योम्नि मनागुदेहि नः ॥३॥

હે પ્રભો! સર્વભણી ફેલાયેલા અને દૃષ્ટિને રોધનારા મોટા અંધકારને (અજ્ઞાનને) સૂર્યનારાયણની પેઠે પોતાના તેજવડે ભેદવામાટે આપ અમારા હૃદયાકાશમાં જરા ઉદય પામવા કૃપા કરો. ૩

न वयं तव चर्मचक्षुषा पदवीमप्युपवीक्षितुं क्षमाः ।
कृपयाऽभयदेन चक्षुषा सकलेनेश विलोकयाशु नः ॥४॥

અમે અમારાં ચર્મચક્ષુવડે આપના માર્ગને પણ જોવાને સમર્થ નથી, માટે હે પ્રભો! અભય આપનારાં આપનાં બધાં નેત્રોવડે આપ અમને સત્વર કૃપાપૂર્વક વિલોકો. ૪

त्वदनुस्मृतिरेव पावनी स्तुतियुक्ता न हि वक्तुमीश सा ।
मधुरं हि पयः स्वभावतो ननु कीदृक्सितशर्करान्वितम् ॥५॥

સ્વભાવથીજ મધુર એવું દૂધ ધોળી સાકરયુક્ત કરવાથી વિશેષ મધુર થાય તેમાં શું કહેવું? તેમ હે પ્રભો! આપનું અનુસ્મરણ (પુનઃ પુનઃ સ્મરણ) સ્વભાવથી પવિત્ર કરનારું છે, તો પછી તે અનુસ્મરણ આપની સ્તુતિયુક્ત થાય તો તેનું પાવનપણું કેમ કથ્યું જાય? અર્થાત્ નજ કથ્યું જાય. ૫

सविषोऽप्यमृतायते भवाञ्छवमुंडाभरणोऽपि पावनः ।
भव एव भवांतकः सतां समदृष्टिर्विषमेक्षणोऽपि सन् ॥६॥

આપ હાલાહલવિષને ધારણ કરનારા છતાં ભક્તોને અમૃતરૂપ

થાઓ છો. મૃતમનુષ્યની ખોપરીઓની માલાને ધારણ કરનારા છતાં પવિત્ર છો. ભવ (સંસારને ઉપજાવનારા) છતાં ભક્તના ભવાંતક (સંસારનો નાશ કરનારા) છો, અને વિષમદષ્ટિવાળા (એકી નેત્રવાળા–ત્રણ નેત્રવાળા) છતાં સર્વના ઉપર સમદષ્ટિવાળા છો. ૬

अपि शूलधरो निरामयो दृढवैराग्यरतोऽपि रागवान् ।
अपि भैक्ष्यचरो महेश्वरश्चरितं चित्रमिदं हि ते प्रभो ॥७॥

આપ શૂલને (ત્રિશૂલને) ધારણ કરનારા છતાં શૂલથી (શૂલ-નામના રોગથી) રહિત છો, દૃઢવૈરાગ્યમાં પ્રીતિવાળા છતાં રાગવાળા (અર્ધાંગે શ્રીઉમાને ધારણ કરવાથી ઉપરથી રાગવાળા, વા ભક્તોએ અંગમાં ચર્ચેલા ચંદન આદિના અંગરાગવાળા–લેપવાળા–અથવા ભક્તોનું કલ્યાણ કરવામાં રાગવાળા) છો, અને ભિક્ષાચર્યા કરનારા છતાં મહેશ્વર છો. એમ હે પ્રભો! આપનું આ ચરિત્ર વિચિત્રજ છે! ૭

वितरत्यभिवांछितं दृशा परिदृष्टः किल कल्पपादपः ।
हृदये स्मृत एव धीमते नमतेऽभीष्टफलप्रदो भवान् ॥८॥

માત્ર આપની કૃપાદષ્ટિવડે આપ અભિવાંછિત ફલને આપો છો, અને આપનું સારી રીતે દર્શન થયે નિશ્ચય આપ કલ્પવૃક્ષતુલ્ય થાઓ છો,–સર્વ ઇચ્છાઓને પૂર્ણ કરનારા થાઓ છો. એમ આપને પ્રણામ કર-નારા અને હૃદયમાં આપનું સ્મરણ કરનારા બુદ્ધિમાન્ પુરુષને આપ ઇચ્છિત ફલને આપનારા છો. ૮

सहसैव भुजंगपाशवान्विनिगृह्णाति न यावदंतकः ।
अभयं कुरु तावदाशु मे गतजीवस्य पुनः किमौषधैः ॥९॥

નાગપાશને ધારણ કરનાર કાલ મને અતિ ઉતાવળે આવીને જ્યાંસુધી ન પકડે ત્યાંસુધીમાં હે નાથ! મને ઝટ અભય કરો. હે પ્રભો! જીવરહિત થયેલાને પછી ઔષધથી શો લાભ થાય? ૯

सविषैरिव भीमपन्नगैर्विषयैरेभिरलं परिक्षतम् ।
अमृतैरिव संभ्रमेण मामभिषिंचाशु दयावलोकनैः ॥१०॥

વિષવાળા ભયંકર નાગોના જેવા વિષયોથી સર્વભણીથી પૂર્ણ ઘવાયેલો એવો જે હું તેના ઉપર આપ આપની કૃપાદૃષ્ટિરૂપ અમૃતનું સત્વર સારી રીતે સિંચન કરવા કૃપા કરો. ૧૦

मुनयो बहवोऽद्य धन्यतां गमिताः स्वाभिमतार्थदर्शिनः ।
करुणाकर येन तेन मामवसन्नं ननु पश्य चक्षुषा ॥११॥

હે કરુણાકર! આપની જે કૃપાદૃષ્ટિવડે ઘણા મુનિઓ પોતાના વાંછિત પદાર્થને મેળવીને આજ ધન્યપણાને પામ્યા છે તે કૃપાદૃષ્ટિવડે મને દુઃખીને આપ ખરેખર જુઓ. ૧૧

प्रणमाम्यथ यामि चापरं शरणं कं कृपणाभयप्रदम् ।
विरहीव विभो प्रियामयं परिपश्यामि भवन्मयं जगत् ॥१२॥

દીનને અભય આપનારા આપને છોડીને હું બીજા કોને શરણે જાઉં? ને પ્રણામ કરું? હે વ્યાપક પ્રભો! વિરહી પુરુષ જેમ જગતને પોતાની પ્રિયામય જુએ છે તેમ હું આ જગતને આપમય જોઉં છું. ૧૨

बहवो भवताऽनुकंपिताः किमितीशान न मानुकंपसे ।
दधता किमु मंदराचलं परमाणुः कमठेन दुर्धरः ॥ १३ ॥

હે ઈશાન ! (વિશ્વના સ્વામિન્ !) આપે ઘણાપર કૃપા કરી છે, તો એ પ્રમાણે મારાપર શામાટે કૃપા કરતા નથી ? મંદરાચલને ધારણ કરનારા કાચબાને શું પરમાણુ ધારણ કરવું કઠિન લાગે ? નજ લાગે. ૧૩

अशुचिं यदि मानुमन्यसे किमिदं मूर्ध्नि कपालदाम ते ।
उत शाठ्यमसाधुसंगिनं विषलक्ष्मासि न किं द्विजिह्वधृक् ॥ १४ ॥

જો આપ મને અપવિત્ર માનતા હો તો હે કપાલદામ ! (ખોપરીની માલાવાળા !) આપના મસ્તકપર આ શું છે ? તાત્પર્ય કે અતિ અપવિત્ર ખોપરીની માલા છે. વળી જો આપ મને કુસંગી ને અધમ માનતા હો તો આપ સર્પને ધારણ કરનારા ને વિષના ચિહ્નવાળા નથી શું ? તાત્પર્ય કે આપને નીચ એવા સર્પનો સંગ છે, ને મૃત્યુજનક અતિઅધમ વિષને આપે પ્રત્યક્ષપણે કંઠમાં ધારણ કર્યું છે. ૧૪

क दृशं विदधामि किं करोम्यनुतिष्ठामि कथं भयाकुलः ।
क नु तिष्ठसि रक्ष रक्ष मामयि शंभो शरणागतोऽस्मि ते ॥ १५ ॥

ભયથી વ્યાકુલ થયેલો હું મારી દષ્ટિને ક્યાં ધારણ કરું ?— હું કોના સામું જોઉં ? હું શું કરું ? અને શી રીતે સ્થિતિ કરું ? અરે ! આપ ક્યાં રહ્યા છો ? હે શંભો ! મારું રક્ષણ કરો, રક્ષણ કરો, હું આપનો શરણાગત છું. ૧૫

विलुठाम्यवनौ किमाकुलः किमुरो हन्मि शिरश्छिनद्मि वा ।
किमु रोदिमि रारटीमि किं कृपणं मां न यदीक्षसे प्रभो ॥ १६ ॥

હે પ્રભો ! જો આપ હું દીનભણી દૃષ્ટિ કરતા નથી તો ભયથી વ્યાકુલ થયેલો હું શું પૃથ્વીઉપર આળોટું ? કે છાતી કૂટું ? અથવા મારા મસ્તકનું છેદન કરું ? કે રુદન કરું ? વા આરડું ? શું કરું ? ૧૬

शिव सर्वग शर्व शर्मद प्रणतो देव दयां कुरुष्व मे ।
नम ईश्वर नाथ दिक्पते पुनरेवेश नमो नमोऽस्तु ते ॥ १७ ॥

હે કલ્યાણસ્વરૂપ ! હે સર્વવ્યાપક ! હે શર્વ ! (પ્રલય કરનાર !) હે શાન્તિને આપનાર ! હે દેવ ! આપને પ્રણામ કરનારો જે હું તે મારા ઉપર આપ દયા કરો. હે ઈશ્વર ! હે નાથ ! હે દિશાઓના પતે ! આપને નમસ્કાર. હે સ્વામિન્ ! આપને પુનઃ પુનઃ પણ નમસ્કાર હો. ૧૭

शरणं तरुणेन्दुशेखरः शरणं मे गिरिराजकन्यका ।
शरणं पुनरेव तावुभौ शरणं नान्यदुपैमि दैवतम् ॥ १८ ॥

બાલચંદ્રયુક્ત મુકુટવાળા શંકર મારું શરણ છે. ગિરિરાજકન્યા (પાર્વતીજી) મારું શરણ છે. પુનઃ તેઓ બન્ને મારું શરણ છે. હું એમના વિના બીજા દેવને શરણે જતો નથી. ૧૮

उपमन्युकृतं स्तवोत्तमं जपतः शंभुसमीपवर्तिनः ।
अभिवांछितभाग्यसंपदः परमायुः प्रददाति शंकरः ॥ १९ ॥

ઉપમન્યુએ રચેલા આ ઉત્તમ સ્તોત્રનો શ્રીશંકરની સમીપ રહીને પાઠ કરનારને શ્રીશંકર ઇચ્છિત ભાગ્યસંપત્તિ અને દીર્ઘાયુષ આપે છે. ૧૯

उपमन्युकृतं स्तवोत्तमं प्रजपेद्यस्तु शिवस्य संनिधौ ।
शिवलोकमवाप्य सोऽचिरात्सह तेनैव शिवेन मोदते ॥ २० ॥

इत्युपमन्युमुनिकृतं शिवस्तोत्रं संपूर्णम् ॥

જે મનુષ્ય ઉપમન્યુરચિત આ ઉત્તમ સ્તવનો શ્રીશિવજીની સાંનિધ્ય પાઠ કરે તે તુરત શિવલોકને પામી તેઓશ્રીની સાથે આનંદ કરે છે. ૨૦

ઇતિ શ્રીઉપમન્યુમુનિકૃત શ્રીશિવસ્તોત્રની શ્રીનાથશર્મપ્રણીત ભાવાર્થદીપિકાટીકા સમાપ્ત. ૧

॥ ॐ ॥

॥ श्रीपुष्पदंतकृत श्रीशिवमाहिम्नस्तोत्र ॥

॥ पुष्पदंत उवाच ॥

महिम्नः पारं ते परमविदुषो यद्यसदृशी,
स्तुतिर्ब्रह्मादीनामपि तदवसन्नास्त्वयि गिरः ।
अथावाच्यः सर्वः स्वमतिपरिणामावधि गृणन् ,
ममाप्येष स्तोत्रे हर निरपवादः परिकरः ॥ १ ॥

હે શંકર ! જો આપના મહિમાના પૂર્ણ પારને નહિ પામેલાએ કરેલી સ્તુતિ અયોગ્ય માનવામાં આવે, તો બ્રહ્મા વગેરેએ કરેલી

આપની સ્તુતિ અયોગ્ય ગણાય, કેમકે બ્રહ્મા વગેરે પણ આપના સંપૂર્ણ મહિમાને જાણવા સમર્થ નથી, છતાં તે સૌએ પોતપોતાની બુદ્ધિ-પ્રમાણે આપનું સ્તવન કર્યું તેમાં તેઓ ઠપકાને પાત્ર ગણાયા નથી, તો મારો (પુષ્પદંતનો) આ સ્તોત્રનો આરંભ પણ અપવાદરહિત (નિર્દોષ) છે. ૧

अतीतः पंथानं तव च महिमा वाङ्मनसयो–
रतद्व्यावृत्त्या यं चकितमभिधत्ते श्रुतिरपि ।
स कस्य स्तोतव्यः कतिविधगुणः कस्य विषयः,
पदे त्वर्वाचीने पतति न मनः कस्य न वचः ॥ २ ॥

આપના સગુણનિર્ગુણસ્વરૂપનો મહિમા વાણી અને મનથી કદીપણ વર્ણવી શકાય તેમ નથી. આપના આ મહિમાનું વર્ણન કરતાં શ્રુતિ–વેદ–પણ બીએ છે, ને અતદ્વ્યાવૃત્તિથી (નેતિ નેતિ ઇત્યાદિથી દ્રવ્ય તમે નહિ, ગુણ તમે નહિ, ઇંદ્રિય તમે નહિ, પ્રાણ તમે નહિ, મન તમે નહિ, આ દશ્યાદશ્ય સર્વ પદાર્થોનો નિષેધ કરતાં બાકી રહે તે તમે (મહેશ–બ્રહ્મ–) છો એવાં વચનોથી) આપના મહિમાને વર્ણવે છે. અનંત ગુણવાળો તે આપનો મહિમા કોનાથી સ્તવી શકાય તેમ છે ? તે કેટલા બધા ગુણવાળો છે ? તે કોનો વિષય થઇ શકે તેમ છે ? છતાં પણ ભક્તોના અનુગ્રહમાટે ધરેલા આપના લીલા-વિગ્રહમાં કોનાં મનવાણી જતાં નથી ? ૨

मधुस्फीता वाचः परमममृतं निर्मितवत–
स्तव ब्रह्मन् किं वागपि सुरगुरोर्विस्मयपदम् ।

मम त्वेतां वाणीं गुणकथनपुण्येन भवतः,
पुनामीत्यर्थेऽस्मिन् पुरमथन बुद्धिर्व्यवसिता ॥ ३ ॥

હે બ્રહ્મસ્વરૂપ ! આપ આપના નિઃશ્વાસમાત્રથીજ વેદોને ઉત્પન્ન કરો છો એટલુંજ નહિ, પણ તે વેદોરૂપ વાણીને મધજેવી મીઠી અર્થાત્ શબ્દાદિઅલંકારવડે મધુર અને અમૃતમય બનાવો છો, એટલે કે સુંદર શબ્દાર્થવાળી કરો છો, તો પછી બ્રહ્મા આપની સ્તુતિ કરે તોપણ તે વાણીથી આપ શો વિસ્મય પામો ? નજ પામો. આમ છે તોપણ આ સ્તોત્ર રચવારૂપ મારી વાણી નિરર્થક નથી. મારી આ સ્તોત્રરૂપ વાણી હું કંઇ સ્તુતિ કરવાના ડોળથી વિસ્તારતો નથી, પણ આપના ગુણોનું કથન કરવાથી મને પુણ્યલાભ થતાં હું મારી વાણીને પવિત્ર કરું છું. હે ત્રિપુરનો નાશ કરનાર ! એટલામાટેજ મારી બુદ્ધિ આ સ્તોત્ર રચવામાં ઉદ્યમવાળી થઇ છે. ૩

तवैश्वर्यं यत्तज्जगदुदयरक्षाप्रलयकृत्,
त्रयीवस्तु व्यस्तं तिसृषु गुणभिन्नासु तनुषु ।
अभव्यानामस्मिन्वरद रमणीयामरमणीं,
विहंतुं व्याक्रोशीं विदधत इहैके जडधियः ॥ ४ ॥

હે ઇચ્છિત વરદાન આપનાર ! જગત્‌ની ઉત્પત્તિ, પાલન ને સંહાર કરનાર, ત્રણે વેદોથી પ્રતિપાદ્ય વસ્તુરૂપ, અને ગુણોથી ભિન્ન ત્રણ શરીરોમાં (બ્રહ્મા, વિષ્ણુ ને રુદ્રમાં) વહેંચાયેલું આપનું ઐશ્વર્ય છે. તે ઐશ્વર્યને નષ્ટ કરવાને આ જગત્‌માં કેટલાક મંદમતિ પુરુષો પાપીઓને પ્રિય લાગે એવી અપ્રિય નિંદા કરે છે. ૪

किमीहः किंकायः स खलु किमुपायस्त्रिभुवनं,
किमाधारो धाता सृजति किमुपादान इति च ।
अतर्क्यैश्वर्ये त्वय्यनवसरदुःस्थो हतधियः,
कुतर्कोऽयं कांश्चिन्मुखरयति मोहाय जगतः ॥ ५ ॥

જેની કલ્પના પણ ન કરી શકાય એવા ઐશ્વર્યવાળા આપના વિષે કેટલાક દુર્બુદ્ધિવાળા પુરુષોને "કયા પ્રયોજનવાળા, કેવા શરીરવાળા, કયા ઉપાયવાળા, કયા આધારવાળા, તથા કેવી દ્રવ્યસામગ્રીવાળા તે જગતના બનાવનાર ત્રિભુવનને ઉત્પન્ન કરે છે?" એવો આ અવકાશવગરનો અને મનને વ્યાકુલ કરનારો કુતર્ક જગતને ભમાવવાને માટે વાચાલ કરે છે. ૫

अजन्मानो लोकाः किमवयववंतोऽपि जगता-
मधिष्ठातारं किं भवविधिरनादृत्य भवति ।
अनीशो वा कुर्याद्भुवनजनने कः परिकरो,
यतो मंदास्त्वां प्रत्यमरवर संशेरत इमे ॥ ६ ॥

હે દેવોમાં શ્રેષ્ઠ મહેશ્વર! અવયવવાળા આ ચૌદ લોકો (સાત ભૂરાદિ લોકો ને સાત પાતાલ) શું જન્મવિનાનાં છે? શું પૃથિવી આદિ લોકોની ઉત્પત્તિ કર્તાવિના (ઇશ્વરવિના) થાય છે? જો ઈશ્વરશિવાય બીજા કોઇએ તે લોકો બનાવ્યા હોય તો તે ઉત્પન્ન કરવામાં શું સાહિત્ય હતું? માટે મંદમતિજ આપના જગત્કર્તાપણામાં સંશય કરે છે. ૬

त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति,
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च ।
रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां,
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥ ७ ॥

અંગાદિસહિત ત્રણ વેદો, સાંખ્ય, યોગ, પશુપતિમત ને વૈષ્ણવમત એમ પ્રસ્થાન જૂદાં જૂદાં છે, ને આ શ્રેષ્ઠ છે. આ હિતકર છે, એમ રુચિઓના વિચિત્રપણાથી કહે છે, પણ આપને સીધા કે વાંકા માર્ગવડે ભજનાર પુરુષોને મેળવવાયોગ્ય આપજ છો. જેમ પાણીના પ્રવાહો—નદીઓ—સીધે કે વાંકે માર્ગે ચાલી સાક્ષાત્ કે પરંપરાવડે સમુદ્રને મળે છે તેમ. ૭

महोक्षः खट्वांगं परशुरजिनं भस्म फणिनः,
कपालं चेतीयत्तव वरद तंत्रोपकरणम् ।
सुरास्तां तामृद्धिं दधति तु भवद्भ्रूप्रणिहितां,
न हि स्वात्मारामं विषयमृगतृष्णा भ्रमयति ॥ ८ ॥

હે વરદાન આપનાર શંકર ! મોટો પોઠીઓ, ખટ્વાંગ, (ખાટલાની ઇસ અને પાયાના મેળવવાથી થતા આકારના જેવું હથિયાર.) ફરશી, વ્યાઘ્રચર્મ, ભસ્મ, સર્પસમૂહ, ને માણસોની ખોપરીની માલા એટલાં આપનાં ગૃહસ્થાશ્રમનાં સાધનો છે. દેવતાઓ તો આપની આપેલી પોતપોતાની સંપત્તિઓને ધારણ કરે છે. આ પ્રમાણે આપની નિર્વાહક સામગ્રીમાં અને આપના કૃપાપાત્રની સામગ્રીમાં અત્યંત ભેદ છે. એથી સિદ્ધ થાય છે કે આપ સ્વાત્મારામ છો. પોતાનાજ

આત્મામાં આનંદવાળા આપને ઝાંઝવાના જલસરખી વિષયેચ્છા ભમાવી શકતી નથી. ૮

ध्रुवं कश्चित्सर्वं सकलमपरस्त्वध्रुवमिदं,
परो ध्रौव्याध्रौव्ये जगति गदति व्यस्तविषये ।
समस्तेऽप्येतस्मिन्पुरमथन तैर्विस्मित इव,
स्तुवञ्जिह्रेमि त्वां न खलु ननु धृष्टा मुखरता ॥ ९ ॥

હે ત્રિપુરનો નાશ કરનારા! કોઈ (પૂર્વમીમાંસકો) આ સમગ્ર વિશ્વને નિત્ય કહે છે; કોઈ બીજા (બૌદ્ધમતના શૂન્યવાદીઓ) આ સમગ્ર જગતને અનિત્ય કહે છે; તથા બીજા (તાર્કિકો) આ સમગ્ર જગત્ ભિન્ન ભિન્ન ધર્મવાળું તથા નિત્ય પણ છે. ને અનિત્ય પણ છે એમ કહે છે. આ ભિન્ન ભિન્ન મતોથી વિસ્મય પામતો હોઉં એવો થઇને પણ આપની સ્તુતિ કરતાં હું જરા પણ શરમાતો નથી. જોકે બહુ બોલવું એ ખરેખર શોભાવાળું નથી એમ હું સમજું છું. ૯

तवैश्वर्यं यत्नाद्यदुपरि विरंचिर्हरिरधः,
परिच्छेत्तुं यातावनलमनलस्कंधवपुषः ।
ततो भक्तिश्रद्धाभरगुरुगृणद्भ्यां गिरिश यत्,
स्वयं तस्थे ताभ्यां तव किमनुवृत्तिर्न फलति ॥ १० ॥

હે કૈલાસમાં વસનારા! સૃષ્ટિના ઉત્પત્તિકાલે તેજના સમુદાયરૂપ આપના સ્વરૂપનું માપ કરવાને સર્વ પ્રયત્નથી ઉપરના ભાગમાં બ્રહ્મા

અને નીચેના ભાગમાં વિષ્ણુ ગયા. તેઓ આપના સ્થૂલરૂપનું પણ જ્ઞાન મેળવવા સમર્થ ન થયા. મહાપ્રભાવશાલી વિષ્ણુ ને બ્રહ્મા પણ આપના સ્થૂલસ્વરૂપનું માપ ન કરી શકયા તો અન્ય પ્રાણીઓને આપ બુદ્ધિ-ગોચર કયાંથી થઇ શકો ? આમ પોતાનો યત્ન નિષ્ફલપણાને પામ્યો તેથી તેઓએ આપની અત્યન્ત શ્રદ્ધાથી ભક્તિ કરી ત્યારે આપ પોતાની મેળે પ્રકટ થયા. હે વિભો ! શું શ્રદ્ધાભક્તિથી કરાયેલી ભક્તોની સ્તુતિ ફલસિદ્ધિને ઉપજાવવામાં હેતુભૂત નથી થતી ? તે અધિક ફલ આપનારી થાય છે એટલુંજ નહિ, પણ તત્ત્વસાક્ષાત્કારસુધીના ફલને ઉપજાવવામાં આપનું અનન્યશરણ કારણપણાને પામે છે. ૧૦

अयत्नादापाद्य त्रिभुवनमवैरव्यतिकरं,
दशास्यो यद्बाहूनभृत रणकंडूपरवशान् ।
शिरःपद्मश्रेणीरचितचरणाम्भोरुहबलेः,
स्थिरायास्त्वद्भक्तेस्त्रिपुरहर विस्फूर्जितमिदम् ॥ ११ ॥

રાવણે પ્રયત્નવિના વૈરીઓવિનાના ત્રિભુવનને મેળવીને રણ-સંગ્રામની ઇચ્છાવાળા વીશ હાથો ધારણ કર્યા. તેણે પોતાના મસ્તકરૂપ કમલોની પંક્તિઓ આપના ચરણમાં જે ભેટરૂપે અર્પણ કરી તે આપના પ્રત્યેની તેની નિશ્ચલ ભક્તિનો પ્રતાપ છે. ૧૧

अमुष्य त्वत्सेवासमधिगतसारं भुजवनं,
बलात्कैलासेऽपि त्वदधिवसतौ विक्रमयतः ।
अलभ्या पातालेऽप्यलसचलितांगुष्ठशिरसि,
प्रतिष्ठा त्वय्यासीद्ध्रुवमुपचितो मुह्यति खलः ॥ १२ ॥

આપનીજ સેવાથી પ્રાપ્ત થયેલા બલવાળા હસ્તસમૂહનું બલ અજમાવતા રાવણે આપના નિવાસસ્થાનરૂપ કૈલાસપર્વતને ઊપાડવા ઇચ્છા કરતાં આપે સહજ અંગૂઠાનું ટેરવું દબાવ્યું એટલામાં તો આ રાવણની પાતાલમાં પણ સ્થિતિ થવી દુર્લભ થઇ. ખરેખર ! પુષ્ટિ પામેલો દુર્જન ઉપકાર ભૂલી જાય છે–કૃતઘ્ની થાય છે. ૧૨

यदृद्धिं सूत्राम्णो वरद परमोच्चैरपि सती–
मधश्चक्रे बाणः परिजनविधेयस्त्रिभुवनः ।
न तच्चित्रं तस्मिन्वरिवसितरि त्वच्चरणयो–
र्न कस्या उन्नत्यै भवति शिरसस्त्वय्यवनतिः ॥ १३ ॥

હે વરદાન દેનારા ! દાસની પેઠે જેને ત્રણે લોક વશ છે એવા બાણાસુરે ઇંદ્રની ઉંચી સંપત્તિને પણ નીચી કરી નાંખી. બાણાસુરે શંકરને પ્રસન્ન કરી અતુલિત બલ, સહસ્રભુજા ને શોણિતપુરનામનું અપૂર્વ નગર માગી લીધાં હતાં. તેની એ સંપત્તિની આગળ ઇંદ્રની સંપત્તિ તુચ્છ હતી. તે આપના ચરણમાં નમસ્કાર કરનાર બાણાસુરના સંબંધમાં આશ્ચર્ય નથી, કારણકે આપના ચરણમાં મસ્તકવડે નમસ્કાર કરનારને કઇ ઉન્નતિ નથી મળતી ? ૧૩

अकांडब्रह्मांडक्षयचकितदेवासुरकृपा–
विधेयस्याऽऽसीद्यस्त्रिनयन विषं संहृतवतः ।
स कल्माषः कंठे तव न कुरुते न श्रियमहो,
विकारोऽपि श्लाघ्यो भुवनभयभंगव्यसनिनः ॥ १४ ॥

હે ત્રણ નેત્રવાળા મહાદેવ ! અકાલે બ્રહ્માંડના ક્ષયથી ભય

પામતા દેવો અને અસુરોપર દયા કરી આપે ઝેરનું પાન કરતાં આપના કંઠને વિષે જે કાળો ડાઘ થયો છે તે શું આપના કંઠની શોભાને વધારતો નથી ? અવશ્ય કંઠની શોભા વધારે છે. અહો ! ચૌદ લોકના ભયને દૂર કરવાનો જેનો સ્વભાવ છે એવા આપને વિકાર–દૂષણ–પણ ભૂષણરૂપ–શોભારૂપ–થાય છે. ૧૪

असिद्धार्था नैव क्वचिदपि सदेवासुरनरे,
निवर्तन्ते नित्यं जगति जयिनो यस्य विशिखाः ।
स पश्यन्नीश त्वामितरसुरसाधारणमभूत्,
स्मरः स्मर्तव्यात्मा न हि वशिषु पथ्यः परिभवः ॥१५॥

હે ઈશ્વર ! જય મેળવનારાં જેનાં બાણો દેવ, અસુર ને મનુષ્યો-વિષે ફેંકેલાં કોઈ દિવસ પણ કાર્યસિદ્ધિ કર્યા વિના પાછાં નજ ફરે તેવા કામદેવે આપને અન્ય સાધારણદેવતુલ્ય જોઇને આપને વિષે પણ પોતાનાં પુષ્પરૂપી બાણો ફેંકવા હિંમત કરી. આમ પોતાના અનુચિત કર્મને લીધે તે સ્મરણ કરવાયોગ્ય દશાને પામ્યો, (મૃત્યુવશ થયો,) કારણકે આપજેવા ઇંદ્રિયજિત પુરુષોમાં કરાયેલો તિરસ્કાર તેના કરનારને હિતકર થતો નથી. ૧૫

मही पादाघाताद्व्रजति सहसा संशयपदं,
पदं विष्णोर्भ्राम्यद्भुजपरिघरुग्णग्रहगणम् ।
मुहुर्द्यौर्दौस्थ्यं यात्यनिभृतजटाताडिततटा,
जगद्रक्षायै त्वं नटसि ननु वामैव विभुता ॥ १६ ॥

હે ઈશ! તાંડવનૃત્યકર્મમાં આપના ચરણકમલનો આઘાત લાગવાથી પૃથિવી એકાએક શંકાસ્થાનને પ્રાપ્ત થાય છે, અર્થાત્ હવે પછી મારી સ્થિતિ મર્ત્યલોકમાં રહેશે કે કેમ? એવી શંકાવાળી થાય છે, અને આપની ભુજાઓરૂપી ભોગળના ફેરવવાથી જેમાં તારાઓ દુ:ખી થયેલા છે એવું અંતરિક્ષ પણ શંકાને પ્રાપ્ત થાય છે. વારંવાર છૂટી જટાવડે અથડાયેલ છે પ્રાંતભાગ જેનો એવું સ્વર્ગ પણ અસ્થિરતાને પામે છે. એમ ક્રમથી ત્રણે લોકને પોતાની સ્થિતિમાં શંકા થાય છે. જોકે આપ તાંડવનૃત્ય જગત્ની રક્ષામાટે કરો છો, છતાં આપની પ્રભુતા કાંઈક પ્રતિકૂલ ફલ ઉપજાવે તે આશ્ચર્યકારકજ છે. ૧૬

वियद्व्यापी तारागणगुणितफेनोद्गमरुचिः,
प्रवाहो वारां यः पृषतलघुदृष्टः शिरसि ते ।
जगद्द्वीपाकारं जलधिवलयं तेन कृतमि-
त्यनेनैवोन्नेयं धृतमहिम दिव्यं तव वपुः ॥ १७ ॥

હે ઈશ! આકાશમાં વ્યાપ્ત તારાસમુદાયના મળવાથી ફીણવાળી કાંતિયુક્ત જે ગંગાનો પ્રવાહ છે તે આપના મસ્તકવિષે એક બિંદુથી પણ અલ્પ દેખાય છે. આ ગંગાના પ્રવાહથી સમગ્ર જગત્ સમુદ્રરૂપ કંકણયુક્ત બેટજેવું થયું. (જ્યારથી અગસ્ત્યઋષિએ સમુદ્રનું પાન કર્યું ત્યારથી આ જગત્ સમુદ્રરૂપ બલોયાથી રહિત થયેલું હતું, પણ ભગીરથરાજાના પ્રયત્નથી ગંગાના પૃથિવીપરના આગમનને લીધે પુનઃ આ પૃથિવી સમુદ્રવડે બેટરૂપ થઈ.) જે ગંગાના મહાન્ પ્રવાહથી સંપૂર્ણ જગત્ દ્વીપાકાર થયું, તથા આકાશ

જેનાથી ઢંકાઇ ગયું, તે ગંગા આપના મસ્તકવિષે આપને એક બિંદુ-તુલ્ય પ્રતીત થાય છે. આ પ્રમાણે મોટી કીર્તિવાળું આપનું દિવ્ય શરીર જાણી શકાય છે. ૧૭

रथः क्षोणी यंता शतधृतिरगेंद्रो धनुरथो,
रथांगे चन्द्रार्कौ रथचरणपाणिः शर इति ।
दिधक्षोस्ते कोऽयं त्रिपुरतृणमाडंबरविधि-
र्विधेयैः क्रीडंत्यो न खलु परतंत्राः प्रभुधियः ॥ १८ ॥

હે ઇશ ! ત્રિપુરના નાશમાટે આપે પૃથિવીને રથ, બ્રહ્માને સારથિ, મેરુપર્વતને ધનુષ્, સૂર્યચંદ્રને રથનાં પૈડાં અને વિષ્ણુને બાણ બનાવ્યાં. આ રીતે ત્રિપુરરૂપ તણખલાને બાળવા જવાસારુ ઇચ્છતા આપશ્રીનો આટલો આડંબરવિધિ શો ?–મહાપરાક્રમીને આવી મોટી તૈયારી શામાટે ? ખરેખર ! સ્વાધીન પદાર્થોની સાથે ખેલનારી ઈશ્વરની બુદ્ધિ પરતંત્ર હોતી નથી. ૧૮

हरिस्ते साहस्रं कमलबलिमाधाय पदयो-
र्यदेकोने तस्मिन्निजमुदहरन्नेत्रकमलम् ।
गतो भक्त्युद्रेकः परिणतिमसौ चक्रवपुषा,
त्रयाणां रक्षायै त्रिपुरहर जागर्ति जगताम् ॥ १९ ॥

હે ત્રિપુરનો નાશ કરનારા ! શ્રીવિષ્ણુ આપનું પૂજન કરવા આપના ચરણમાં હજાર કમલ લઇ આવ્યા, તેમાંથી એક આપે સંતાડ્યું તેથી ઓછું થયું, ત્યારે વિષ્ણુએ તે કમલને બદલે પોતાના

એક નેત્રકમલને ઊખેડી અર્પણ કર્યું. આ સેવાનો બદલો સુદર્શનચક્રરૂપે પરિણામ પામ્યો. (તેમને આપે સુદર્શનચક્ર આપ્યું.) તે ત્રણે લોકનું રક્ષણ કરવા હજી જાગ્યા કરે છે.—પ્રયત્ન કરે છે. ૧૯

क्रतौ सुप्ते जाग्रत्त्वमसि फलयोगे क्रतुमतां,
क्व कर्म प्रध्वस्तं फलति पुरुषाराधनमृते ।
अतस्त्वां संप्रेक्ष्य क्रतुषु फलदानप्रतिभुवं,
श्रुतौ श्रद्धां बद्ध्वा दृढपरिकरः कर्मसु जनः ॥ २० ॥

હે વરદાન દેનારા ! યજ્ઞકર્મ લય થયે છતે તે કર્મ કરનારાઓના ફલયોગમાં આપ જાગ્યા કરો છો. લય પામેલ યજ્ઞાદિકર્મ ઈશ્વરારાધન-વિના ક્યાં ફલે છે ? એટલામાટે કર્મફલપ્રદાતા આપને જાણીને કાર્ય કરનાર જન વેદમાં શ્રદ્ધા રાખી આપની આરાધના કરે છે. ૨૦

क्रियादक्षो दक्षः क्रतुपतिरधीशस्तनुभृता-
मृषीणामार्त्विज्यं शरणद सदस्याः सुरगणाः ।
क्रतुभ्रंशस्त्वत्तः क्रतुफलविधानव्यसनिनो,
ध्रुवं कर्तुः श्रद्धाविधुरमभिचाराय हि मखाः ॥ २१ ॥

દક્ષપ્રજાપતિ યજ્ઞની ક્રિયા કરવામાં કુશલ હતો, તે યજ્ઞ કરનાર હતો, યજમાન પોતેજ હતો, પ્રજાપતિ હતો, ને શ્રેષ્ઠ ઋષિઓ યજ્ઞ કરાવનાર હતા. વળી હે શરણાગતનું રક્ષણ કરનાર ! તેના યજ્ઞમાં મોટા દેવો સભાસદ હતા, તથા તે દક્ષના યજ્ઞના ફલને ઉત્પન્ન કરવામાં એકનિષ્ઠ હતા, તેમ છતાં તેના યજ્ઞનો નાશ આપનાથી થયો છે. આ

ઉપરથી એ નિશ્ચય થાય છે કે શ્રદ્ધાવગરના યાજકના યજ્ઞ તેના નાશને માટે થાય છે. ૨૧

प्रजानाथं नाथ प्रसभमभिकं स्वां दुहितरं,
गतं रोहिद्भूतां रिरमयिषुमृष्यस्य वपुषा ।
धनुष्पाणेर्यातं दिवमपि सपत्राकृतममुं,
त्रसंतं तेऽद्यापि त्यजति न मृगव्याधरभसः ॥ २२ ॥

હે નાથ! પોતાની પુત્રીનું રૂપ જોઇને કામવશ થયેલા બ્રહ્મા બલાત્કારે પોતાની પુત્રીની પાછળ પડ્યા. સરસ્વતીએ બચવામાટે મૃગલીનું રૂપ લીધું, એટલે બ્રહ્માએ મૃગનું રૂપ લીધું, ને તેની પાછળ દોડવા માંડ્યા. તેમની આ અનુચિત ક્રિયા જોઇ ધનુષ્યને ધારણ કરનારા આપે પારધિના સરખી હિંસકવૃત્તિથી તેની પાછળ બાણ છોડ્યું. તેથી તે ભય પામતા બચાવમાટે આકાશમાં જઇ મૃગશરનક્ષત્ર થયા, પરન્તુ આપનું પાછળ પડેલ બાણ હજુ પણ તે મૃગને છોડતું નથી. ૨૨

स्वलावण्याशंसाधृतधनुषमह्नाय तृणवत्,
पुरः प्लुष्टं दृष्ट्वा पुरमथन पुष्पायुधमपि ।
यदि स्त्रैणं देवी यमनिरत देहार्धघटना–
दवैति त्वामद्धा बत वरद मुग्धा युवतयः ॥ २३ ॥

હે ત્રિપુરનો દાહ કરનાર! હે યમાદિ અષ્ટાંગયોગપરાયણ! પાર્વતીજીનું રૂપ જોઇ તેમને પરણવાની આપ ઇચ્છા કરો એવા હેતુથી પુષ્પનું બાણ ને પુષ્પનું ધનુષ્ય ધારણ કરનાર કામદેવે આપને

મોહ પમાડવા પ્રવૃત્તિ કરતાં તે કામદેવને આપે તણખલાની પેઠે બાળી નાંખ્યો. આ પ્રમાણે જોયા છતાં પણ જો પાર્વતીજી આપે તેમને વામભાગમાં સ્વીકાર્યા તેથી આપને કામાસક્ત માને તો તે ઠીકજ છે, કારણકે હે વરદાનને દેનારા! ખેદની વાત છે કે સ્ત્રીઓ સ્વાભાવિકરીતે ભોળીજ હોય છે. ૨૩

श्मशानेष्वाक्रीडा स्मरहर पिशाचाः सहचरा–
श्चिताभस्मालेपः स्रगपि नृकरोटीपरिकरः।
अमांगल्यं शीलं तव भवतु नामैवमखिलं,
तथापि स्मर्तॄणां वरद परमं मंगलमसि ॥ २४ ॥

હે કામદેવને બાળનાર મહાદેવ! આપની શ્મશાનવિષે ક્રીડા થાય છે, પિશાચો આપની સાથે ફરનારા છે. વળી ચિતાની રાખનો આપના શરીરઉપર આપ લેપ કરો છો, આપની પહેરવાની માલા પણ મરી ગયેલા ભક્તોનાં માથાંની ખોપરીઓની બનાવેલી છે. આ બધી સામગ્રી તથા આપનું આ પ્રમાણેનું સર્વ ચરિત્ર મંગલથી વિપરીત છે તોપણ હે વરદાનને દેનારા ઈશ! સ્મરણ કરનાર ભક્તોના આપ પરમમંગલરૂપ છો, અને ભક્તોને ઇચ્છિત સુખ-સમૃદ્ધિ આપો છો. ૨૪

मनः प्रत्यक्चित्ते सविधमवधायात्तमरुतः,
प्रहृष्यद्रोमाणः प्रमदसलिलोत्संगितदृशः।
यदालोक्याह्लादं हृद इव निमज्ज्यामृतमये,
दधत्यंतस्तत्त्वं किमपि यमिनस्तत्किल भवान् ॥ २५ ॥

હે યોગીશ ! વિધિપૂર્વક પ્રાણાયામ કરી પ્રાણવાયુને વશ કરનારા, પ્રેમને લીધે જેનાં રૂંવાડાં ઊભાં થયેલાં છે એવા, ને હર્ષાશ્રુપૂર્ણ નેત્રવાળા યોગીઓ બહારના વિષયોમાં જતા મનને વશ કરી પાછું વાળી ચિત્તમાં સ્થિર કરીને અમૃતના ધરામાં નાહ્યા હોય એમ જે વસ્તુને જોઇને અંતરના આનંદને ધારણ કરે છે તે વસ્તુ આપજ છો. ૨૫

त्वमर्कस्त्वं सोमस्त्वमसि पवनस्त्वं हुतवह–
स्त्वमापस्त्वं व्योम त्वमु धरणिरात्मा त्वमिति च ।
परिच्छिन्नामेवं त्वयि परिणता बिभ्रतु गिरं,
न विद्मस्तत्तत्त्वं वयमिह तु यत्त्वं न भवसि ॥ २६ ॥

હે વિભો ! સૂર્ય આપ છો, ચંદ્ર આપ છો, પવન આપ છો, અગ્નિ આપ છો, જલ આપ છો, આકાશ આપ છો, પૃથ્વી આપ છો, ને આત્મા પણ આપ છો. આપને જાણનારા વિદ્વાનો ભલે ભિન્ન ભિન્ન વ્યક્તિઓવિષે આપને વાણીવડે કહે, પણ આપ જે વસ્તુસ્વરૂપે ન હો એવી વસ્તુ આ લોકમાં કઇ છે તે અમે કંઇ પણ જાણતા નથી, અર્થાત્ આપ સર્વવસ્તુરૂપ છો. ૨૬

त्रयीं तिस्रो वृत्तीस्त्रिभुवनमथो त्रीनपि सुरा–
नकाराद्यैर्वर्णैस्त्रिभिरभिदधत्तीर्णविकृति ।
तुरीयं ते धाम ध्वनिभिरवरुंधानमणुभिः,
समस्तं व्यस्तं त्वां शरणद गृणात्योमिति पदम् ॥ २७ ॥

હે શરણાગતરક્ષક ! આપ ત્રણ વેદ, (ઋક્, યજુ ને સામ,)

અંતઃકરણની ત્રણ અવસ્થાઓ, (જાગ્રત્, સ્વપ્ન ને સુષુપ્તિ,) ત્રણ ભુવન (ભૂર્, ભુવર્ ને સ્વર્ગ) તથા ત્રણ દેવતાઓને (બ્રહ્મા, વિષ્ણુ ને રુદ્રને) પણ અકારાદિ ત્રણ (**अ, उ, म्**—ૐ) વર્ણવડે ધારણ કરો છો, અમાત્રરૂપ વિકારરહિત આપનું તુરીય—ચોથું—ધામ તો સૂક્ષ્મ ધ્વનિઓવડે રોકાયેલ છે. આ પ્રમાણે સર્વમય અને ભિન્ન ભિન્ન એવા આપને યોગીઓ **ૐ** એવા પદથી પ્રતિપાદન કરે છે. ૨૭

भवः शर्वो रुद्रः पशुपतिरथोग्रः सहमहां—
स्तथा भीमेशानाविति यदभिधानाष्टकमिदम् ।
अमुष्मिन्प्रत्येकं प्रविचरति देव श्रुतिरपि,
प्रियायास्मै धाम्ने प्रविहितनमस्योऽस्मि भवते ॥ २८ ॥

હે દેવ ! ભવ, (જગતને ઉત્પન્ન કરનાર,) શર્વ, (ભક્તોનાં પાપોનો સંહાર કરનાર,) રુદ્ર, (પ્રલયસમયે સૌને રુદન કરાવનાર,) પશુપતિ, (જીવોના સ્વામી,) ઉગ્ર, (વિરોધીઓનો નાશ કરવાને કોપયુક્ત,) સહમહાન્, (મહાદેવ,) ભીમ, (દર્શનમાત્રથી વિરોધીઓને ભય ઉપજાવનારા) ને ઈશાન (સર્વના ઉપર સત્તા ચલાવનારા) આ આઠ નામોમાંના પ્રત્યેક નામવડે આપને વેદ પ્રતિપાદન કરે છે. આવા પ્રિયસ્વરૂપવાળા આપને હું વિધિપૂર્વક નમસ્કાર કરું છું. ૨૮

नमो नेदिष्ठाय प्रियदव दविष्ठाय च नमो,
नमः क्षोदिष्ठाय स्मरहर महिष्ठाय च नमः ।
नमो वर्षिष्ठाय त्रिनयन यविष्ठाय च नमो,
नमः सर्वस्मै ते तदिदमिति सर्वाय च नमः ॥ २९ ॥

હે નિર્જનવનમાં યથેચ્છ વિહાર કરનારા ! અત્યંત પાસે રહેનાર આપને નમસ્કાર, અને ઘણે દૂર વસનાર આપને નમસ્કાર. હે કામદેવને બાળી નાંખનાર મહાદેવ ! અત્યન્ત લઘુસ્વરૂપ આપને નમસ્કાર, અને અત્યન્ત મોટા સ્વરૂપવાળા આપને નમસ્કાર. હે ત્રણ નેત્રને ધારણ કરનારા ! અત્યન્ત વૃદ્ધ આપને નમસ્કાર, અને અત્યન્ત યુવાવસ્થાવાળા આપને નમસ્કાર. નમસ્કારશબ્દની પુનરાવૃત્તિ મહેશ્વરના સ્વરૂપનો નિર્ણય નહિ કરી શકવાથી આપને કેવલ નમસ્કારજ કરવા જોઇએ એ અર્થની સૂચક છે. સર્વરૂપ આપને નમસ્કાર, અને તે (પરોક્ષ) તથા આ (અપરોક્ષ) આ પ્રકારવડે અનિર્વાચ્ય સર્વરૂપ આપને નમસ્કાર હો. ૨૯

बहलरजसे विश्वोत्पत्तौ भवाय नमो नमः,
प्रबलतमसे तत्संहारे हराय नमो नमः ।
जनसुखकृते सत्त्वोद्रिक्तौ मृडाय नमो नमः,
प्रमहसि पदे निस्त्रैगुण्ये शिवाय नमो नमः ॥ ३० ॥

વિશ્વની ઉત્પત્તિ કરવામાં સત્વગુણથી અને તમોગુણથી અધિક રજોગુણવાળા બ્રહ્મારૂપ આપને વારંવાર નમસ્કાર, તથા પ્રલયકાલમાં વિશ્વનો સંહાર કરવામાં અધિક તમોગુણવાળા રુદ્રરૂપ આપને વારંવાર નમસ્કાર, તેમજ મનુષ્યોના સુખને અર્થે અધિક સત્વગુણવાળા સુખસ્વરૂપ આપને વારંવાર નમસ્કાર. સર્વોત્તમ પ્રકાશરૂપે સ્થિત ત્રિગુણાતીત કલ્યાણસ્વરૂપ આપને વારંવાર નમસ્કાર. ૩૦

कृशपरिणति चेतः क्लेशवश्यं क्व चेदं,
क्व च तव गुणसीमोल्लंघिनी शश्वदृद्धिः ।

इति चकितममंदीकृत्य मां भक्तिराधा-
द्वरद चरणयोस्ते वाक्यपुष्पोपहारम् ॥ ३१ ॥

હે વરદાન આપનારા ! અલ્પશક્તિવાળું ને ક્લેશને વશ થયેલું મારું મન ક્યાં ? તથા ત્રણ ગુણોની હદનું ઉલ્લંઘન કરનારી આપની નિત્યરૂપ દિવ્ય વિભૂતિ ક્યાં ? આ વિચારથી ભયભીત થયેલા મને (પુષ્પદંતને) આપની ભક્તિએ સાવધ કર્યો, અને આ વાક્યરૂપી પુષ્પો આપના ચરણકમલમાં ભેટ કરાવ્યાં. ૩૧

असितगिरिसमं स्यात्कज्जलं सिंधुपात्रे,
सुरतरुवरशाखा लेखनी पत्रमुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सार्वकालं,
तदपि तव गुणनामीश पारं न याति ॥ ३२ ॥

સમુદ્રરૂપ મોટા પાત્રમાં નિલગિરિપર્વતના જેટલું કાજળ (મશ) હોય, કલ્પવૃક્ષની મોટી શાખારૂપ કલમ હોય, તે લઇને પૃથિવીરૂપ મોટા પત્રપર સરસ્વતી નિરંતર લખ્યા કરે, તોપણ હે ઇશ ! આપના શ્રેષ્ઠ ગુણોના પારને પામી શકે નહિ. ૩૨

असुरसुरमुनींद्रैरर्चितस्येंदुमौले-
ग्रंथितगुणमहिम्नो निर्गुणस्येश्वरस्य ।
सकलगुणवरिष्ठः पुष्पदंताभिधानो,
रुचिरमलघुवृत्तैः स्तोत्रमेतच्चकार ॥ ३३ ॥

દૈત્યો, દેવો ને મહામુનિઓવડે પૂજાયેલા, જેની જટામાં ચંદ્ર છે એવા, ને ભક્તોએ જેમના ગુણોનો મહિમા ગાયો છે એવા નિર્ગુણ

ઈશ્વરનું મોટા શિખરિણીવૃત્તોવડે સંપૂર્ણ સારા ગુણવાળા પુષ્પદંતનામના ગંધર્વે આ સુંદર સ્તોત્ર રચ્યું છે. ૩૩

अहरहरनवद्यं धूर्जटेः स्तोत्रमेतत्,
पठति परमभक्त्या शुद्धचित्तः पुमान्यः ।
स भवति शिवलोके रुद्रतुल्यस्तथाऽत्र,
प्रचुरतरधनायुः पुत्रवान्कीर्तिमांश्च ॥ ३४ ॥

રોજ રોજ શિવના આ નિર્દોષ સ્તોત્રનો જે પુરુષ પવિત્રચિત્તવાળો થઇ પરમભક્તિવડે પાઠ કરે છે તે શિવલોકમાં રુદ્રજેવા થાય છે, તેમજ આ લોકમાં ઘણું ધન, આયુષ્, પુત્રો તથા જસ મેળવનારો થાય છે. ૩૪

महेशान्नापरो देवो महिम्नो नापरा स्तुतिः ।
अघोरान्नापरो मंत्रो नास्ति तत्त्वं गुरोः परम् ॥ ३५ ॥

મહાદેવજીથી શ્રેષ્ઠ અન્ય દેવ નથી, મહિમ્નસ્તોત્રથી શ્રેષ્ઠ કોઇ સ્તુતિ નથી, અને અઘોરમંત્રથી* વધારે શ્રેષ્ઠ અન્ય કોઇ મંત્ર નથી, ને ગુરુથી શ્રેષ્ઠ બીજું તત્ત્વ નથી. ૩૫

---

* અઘોરમંત્ર નીચે પ્રમાણે છે:—

अघोरेभ्योऽथ घोरेभ्यो घोरघोरतरेभ्यः ।
सर्वेभ्यः सर्वशर्वेभ्यो नमस्ते अस्तु रुद्ररूपेभ्यः ॥ १ ॥

ભાવાર્થ:—શાંતરૂપ, ભયંકરરૂપ, વળી અત્યંત ભયાનકથી પણ ભયાનકરૂપ, સર્વરૂપ, સર્વ સ્થાવરજંગમના સંહર્તારૂપ, ને રુદ્રસ્વરૂપ આપને મારા નમસ્કાર હો. ૧

दीक्षा दानं तपस्तीर्थं ज्ञानं यागादिकाः क्रियाः ।
महिम्नस्तवपाठस्य कलां नार्हति षोडशीम् ॥ ३६ ॥

દીક્ષા, દાન, તપ, તીર્થ, જ્ઞાન ને યાગાદિ ક્રિયાઓ તે સર્વે મહિમ્નસ્તોત્રના પાઠની સોળમી કલાને પણ પામતાં નથી. ૩૬

कुसुमदशननामा सर्वगंधर्वराजः,
शिशुशशिधरमौलेर्देवदेवस्य दासः ।
स खलु निजमहिम्नो भ्रष्ट एवास्य रोषात्,
स्तवनमिदमकार्षीद्दिव्यदिव्यं महिम्नः ॥ ३७ ॥

બાલચંદ્રને જટામાં ધારણ કરનાર દેવોના દેવ મહાદેવજીના દાસ પુષ્પદંતનામવાળા સર્વ ગંધર્વના રાજા મહાદેવજીના નમણનું પુષ્પ ઉલ્લંઘન કરવાથી ઉપજેલા મહાદેવજીના રોષથી પોતાની આકાશમાં ઉડવાની શક્તિથી ભ્રષ્ટ થતાંજ તેણે પ્રસિદ્ધ શ્રીમહેશ્વરના મહિમાનું આ સારામાં સારું સ્તોત્ર રચ્યું. ૩૭

सुरवरमुनिपूज्यं स्वर्गमोक्षैकहेतुं,
पठति यदि मनुष्यः प्राञ्जलिर्नान्यचेताः ।
व्रजति शिवसमीपं किन्नरैः स्तूयमानः,
स्तवनमिदममोघं पुष्पदंतप्रणीतम् ॥ ३८ ॥

મોટા દેવો અને મુનિઓને પૂજવાયોગ્ય, સ્વર્ગના અને મોક્ષના એક હેતુરૂપ, પુષ્પદંતનામના ગંધર્વકૃત આ સફલ સ્તવનને અનન્યભાવે હાથ જોડીને જે ભણે છે તે કિન્નરોથી સ્તુતિ કરાતો છતો શિવલોકમાં શિવજીની પાસે જાય છે. ૩૮

आसमाप्तमिदं स्तोत्रं पुण्यं गन्धर्वभाषितम् ।
अनौपम्यं मनोहारि शिवमीश्वरवर्णनम् ॥ ३९ ॥

અથથી ઇતિસુધી કલ્યાણરૂપ, પવિત્ર, મનને હરે એવું, ને જેની ઉપમા ન આપી શકાય એવું ઈશ્વરના વર્ણનરૂપ આ સ્તોત્ર પુષ્પદંતનામના ગંધર્વનું રચેલું છે. ૩૯

इत्येषा वाङ्मयी पूजा श्रीमच्छङ्करपादयोः ।
अर्पिता तेन देवेशः प्रीयतां मे सदाशिवः ॥ ४० ॥

આ પ્રકારે આ વાણીરૂપ પૂજા શ્રીમન્ મહાદેવજીના ચરણ-કમલમાં મેં અર્પણ કરી. તેવડે દેવોના સ્વામી સદાશિવ મારા પર પ્રસન્ન થઓ. ૪૦

तव तत्त्वं न जानामि कीदृशोऽसि महेश्वर ।
यादृशोऽसि महादेव तादृशाय नमो नमः ॥ ४१ ॥

હે મહેશ્વર! આપ કેવા છો તે આપના તત્ત્વને–સ્વરૂપને–હું જાણતો નથી. હે મહાદેવ! આપ જેવા છો તેવાને હું વારંવાર નમસ્કાર કરું છું. ૪૧

एककालं द्विकालं वा त्रिकालं यः पठेन्नरः ।
सर्वपापविनिर्मुक्तः शिवलोके महीयते ॥ ४२ ॥

જે માણસ રોજ આ સ્તોત્રનો એક વખત, બે વખત કે ત્રણ વખત પાઠ કરે તે સર્વ પાપોથી મુક્ત થઈ શિવલોકમાં માન પામે છે. ૪૨

श्रीपुष्पदंतमुखपङ्कजनिर्गतेन,
स्तोत्रेण किल्बिषहरेण हरप्रियेण ।

कंठस्थितेन पठितेन समाहितेन,
सुप्रीणितो भवति भूतपतिर्महेशः ॥ ४३ ॥

इति श्रीपुष्पदंतगंधर्वराजविरचितं श्रीशिवमहिम्नस्तोत्रं संपूर्णम् ॥

શ્રીપુષ્પદંતના મુખરૂપ કમલમાંથી નીકળેલ, મહાદેવજીને પ્રિય, ને પાપને હરનાર એવા આ સ્તોત્રને કંઠે કરીને એકાગ્ર અંતઃકરણથી જે પાઠ કરે છે તેના ઉપર અજ્ઞાની જીવોરૂપ ભૂતોના પતિ શ્રીમહાદેવજી સારી રીતે પ્રસન્ન થાય છે. ૪૩

ઇતિ શ્રીપુષ્પદંતગંધર્વરાજવિરચિત શ્રીશિવમહિમ્નસ્તોત્રની શ્રીનાથશર્મપ્રણીત ભાવાર્થદીપિકાટીકા સમાપ્ત. ૨

॥ ॐ ॥

॥ प्रातःस्मरणस्तोत्रम् ॥

प्रातः स्मरामि हृदि संस्फुरदात्मतत्त्वं, सच्चित्सुखं परमहंसगतिं तुरीयम् ॥
यत्स्वप्नजागरसुषुप्तमवैति नित्यं, तद्ब्रह्म निष्कलमहं न च भूतसङ्घः ॥ १ ॥
प्रातर्भजामि मनसो वचसामगम्यं, वाचो विभान्ति निखिला यदनुग्रहेण ।
यन्नेति नेति वचनैर्निगमा अवोचुस्तं देवदेवमजमच्युतमाहुरग्र्यम् ॥ २ ॥
प्रातर्नमामि तमसः परमर्कवर्णं, पूर्णं सनातनपदं पुरुषोत्तमाख्यम् ।
यस्मिन्निदं जगदशेषमशेषमूर्तौ, रज्ज्वां भुजंगम इव प्रतिभासितं वै ॥ ३ ॥
श्लोकत्रयमिदं पुण्यं, लोकत्रयविभूषणम् ।
प्रातःकाले पठेद्यस्तु, स गच्छेत्परमं पदम् ॥ ४ ॥

इति श्रीमच्छंकराचार्यविरचितं प्रातःस्मरणस्तोत्रम् ॥

હૃદયકમલમાં અંતઃકરણ અને તેની વૃત્તિઓના સાક્ષી હોવાથી હું એવી વૃત્તિમાં સ્વયંપ્રકાશરૂપે સ્ફુરનાર, સચ્ચિદાનંદરૂપ, પરમહંસોની ગતિરૂપ ને તુરીયસ્વરૂપ જે આત્મતત્ત્વ છે તેનું પ્રાતઃકાલમાં હું સ્મરણ કરું છું. જે સ્વપ્ન, જાગ્રત્ અને સુષુપ્તિને જાણે છે, તથા જે નિત્ય, નિરવયવ ને નિરતિશય વ્યાપક છે તે હું છું, પંચભૂતોનો સમૂહ હું નથી. ૧

જે મનનો તથા વાણીઓનો અવિષય છે, જેના અનુગ્રહવડે સર્વ વાણીઓ પ્રકાશે છે, જેને नेति नेति (આ સત્ય નહિ, આ સત્ય નહિ,) એમ પ્રપંચનો નિષેધ કરનારાં વચનોવડે વેદો કહે છે, અને જેને બ્રહ્મવેત્તાઓ દેવોના દેવ, અજન્મા, અચ્યુત ને સર્વથી શ્રેષ્ઠ કહે છે તેને પ્રાતઃકાલમાં હું ભજું છું. ૨

અજ્ઞાનથી પર, સ્વપ્રકાશરૂપ, પૂર્ણ, સનાતનપદરૂપ, પુરુષોત્તમનામવાળા ને જે સર્વમૂર્તિરૂપ બ્રહ્મમાં આ સંપૂર્ણ જગત્ દોરડીમાં સાપની પેઠેજ પ્રતીત થાય છે તેને પ્રાતઃકાલમાં હું નમસ્કાર કરું છું. ૩

આ પુણ્યરૂપ અને ત્રણ લોકના વિભૂષણરૂપ ત્રણ શ્લોકોને જે મનુષ્ય પ્રાતઃકાલમા ભણે તે મનુષ્ય જ્ઞાનવડે પરમપદને પામે. ૪

ઇતિ શ્રીમત્શંકરાચાર્યવિરચિત પ્રાતઃસ્મરણસ્તોત્રની શ્રીનાથશર્મપ્રણીત ભાવાર્થદીપિકા ટીકા સમાપ્ત. ૩

॥ परापूजास्तोत्र ॥

अखंडे सच्चिदानंदे निर्विकल्पैकरूपिणि ।
स्थितेऽद्वितीयभावेऽस्मिन्कथं पूजा विधीयते ? ॥ १ ॥
पूर्णस्यावाहनं कुत्र सर्वाधारस्य चासनम् ।
स्वच्छस्य पाद्यमर्घ्यं च शुद्धस्याचमनं कुतः ॥ २ ॥

निर्मलस्य कुतः स्नानं वस्त्रं विश्वोदरस्य च ।
अगोत्रस्य त्ववर्णस्य कुतस्तस्योपवीतकम् ॥ ३ ॥
निर्लेपस्य कुतो गंधः पुष्पं निर्वासनस्य च ।
निर्विशेषस्य का भूषा कोऽलंकारो निराकृतेः ॥ ४ ॥
निरंजनस्य किं धूपैर्दीपैर्वा सर्वसाक्षिणः ।
निजानंदैकतृप्तस्य नैवेद्यं किं भवेदिह ॥ ५ ॥
विश्वानंदयितुस्तस्य किं तांबूलं प्रकल्प्यते ।
स्वयंप्रकाशचिद्रूपो योऽसावर्कादिभासकः ॥ ६ ॥
प्रदक्षिणा ह्यनंतस्य ह्यद्वयस्य कुतो नतिः ।
वेदवाक्यैरवेद्यस्य कुतः स्तोत्रं विधीयते ॥ ७ ॥
स्वयंप्रकाशमानस्य कुतो नीराजनं विभोः ।
अन्तर्बहिश्च पूर्णस्य कथमुद्वासनं भवेत् ॥ ८ ॥
एवमेव परापूजा सर्वावस्थासु सर्वदा ।
एकबुद्ध्या तु देवेशे विधेया ब्रह्मवित्तमैः ॥ ९ ॥

इति श्रीमत्शंकराचार्यविरचितं परापूजास्तोत्रम् ॥

ભાવાર્થ—અપરિચ્છિન્ન, સચ્ચિદાનંદસ્વરૂપ, સર્વપ્રકારના વિકલ્પથી રહિત, એકસ્વરૂપ અને અદ્વૈતભાવમાં રહેલા આ બ્રહ્મમાં કેવી રીતે લોકપ્રસિદ્ધ પૂજાનું વિધાન કરાય? ૧

પૂર્ણસ્વરૂપનું આવાહન ક્યાંથી સંભવે? સર્વના આધારરૂપને આસન કેવી રીતે ઘટે? બાહ્યપવિત્રને પાદ્ય તથા અર્ઘ્ય અને અંતરની પવિત્રતાવાળાને આચમન કેવી રીતે સંભવી શકે? ૨

નિર્મલસ્વરૂપવાળાને સ્નાન કેમ સંભવે ? આ સર્વ જેના રચ્યું છે તેને વસ્ત્ર શી રીતે અર્પણ કરી શકાય ? ગોત્રવિનાન વર્ણવિનાના તે બ્રહ્મને યજ્ઞોપવીત કેવી રીતે સમર્પણ કરાય ? ૩

જેમને લેપ લાગતો નથી એવાને ચંદન શી રીતે શકાય ? વાસનારહિતને ફૂલ કેવી રીતે અર્પણ કરી શકાય પ્રકારના વિશેષથી રહિતને ક્યા શોભાવનારા પદાર્થો ધરાવી અને નિરાકારને અલંકાર કેમ પહેરાવી શકાય ? ૪

નિરંજનને ધૂપોવડે કેમ પૂજી શકાય ? અને સર્વના દીવાવડે કેમ પ્રસન્ન કરી શકાય ? નિજાનંદવડે તૃપ્તને અહીં વડે શું ફલ મળે ? ૫

જે આ સ્વયંપ્રકાશ ચેતનરૂપ છે, અને સૂર્યાદિને પ્રકાશનાર છે તે આખા જગત્‌ને આનંદ આપનારાને માટે તાંબૂલની કલ્પના કેમ થઈ શકે ? ૬

અનંતને પ્રદક્ષિણા કેવી રીતે ઘટે ? અને અદ્વૈતને નમસ્ કેવી રીતે ઘટે ? વેદનાં વાક્યોવડે પણ ન જાણી શકાય તે સ્તોત્રનું કેવી રીતે વિધાન કરી શકાય ? ૭

સ્વયંપ્રકાશમાન્ અને વ્યાપકને આરતી કેવી રીતે થઇ તથા અંતરને બહાર પરિપૂર્ણનું વિસર્જન કેવી રીતે થાય ? ૮

એવીજ રીતે સર્વોત્તમ બ્રહ્મવેત્તાઓએ સર્વ અવસ્થાઓમા એકબુદ્ધિવડે દેવોના સ્વામિપ્રતિ પરાપૂજા વિધાન કરવાયોગ્ય છે

ઇતિ શ્રીમત્‌શંકરાચાર્યવિરચિત પરાપૂજાસ્તોત્રની શ્રી શર્મપ્રણીત ભાવાર્થદીપિકાટીકા સમાપ્ત. ૪